# સારાંશ

## ટીપીએલ-ડી (એ) દ્વારા (કેસ નંબર ૨૦૩૩/૨૦૨૧) માનનીય જીઇઆરસી સમક્ષ દાખલ કરવામાં આવેલી અરજી

## ટોરેન્ટ પાવર લીમીટેડ – અમદાવાદ/ ગાંધીનગર સપ્લાય એરિયા

### પૂર્વભૂમિકા

૧.૧ જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ)રેગ્યુલેશન્સ, ૨૦૧૬ ની જોગવાઇઓ મુજબ ટીપીએલ-ડી (એ) એ આ અરજી માનનીય કમીશન સમક્ષ નીચેની વિગતોની મંજુરી મેળવવા કરેલ છે.

1. નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે એઆરઆરનું ટ્રુ-અપ અને નિયંત્રીત /અનિયંત્રીત પરિબળોને લીધે થયેલ ફાયદા/ નુકશાનની વહેંચણી
2. નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે એઆરઆરનું નિર્ધારણ
3. નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ ની ખાદ્ય/ પુરાંતનું નિર્ધારણ
4. નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે વિજદરનું નિર્ધારણ

### નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે ટ્રુ-અપ

૧.૨ માનનીય કમિશને નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે ટીપીએલ-ડી ના સુધારેલા એઆરઆરની મંજુરી તા.૨૪ એપ્રિલ, ૨૦૧૯ ના એમટીઆર ઓર્ડર (કેસ નંબર ૧૭૬૪/૨૦૧૮) દ્વારા આપી છે. જે નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટેના સુધારેલા અનુમાનો પર આધારિત હતી. એઆરઆરની મંજુરી નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ ની વાસ્તવિક વિગતો પર થનાર ટ્રુ-અપ પર આધારિત છે.

૧.૩ ટીપીએલ-ડીએ જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬, મુજબ માનનીય કમિશનના તા.૨૪ એપ્રિલ, ૨૦૧૯ ના એમટીઆર ઓર્ડરના (કેસ નંબર ૧૭૬૪/૨૦૧૮) આધારે ટ્રુ અપ માટેની અરજી કરેલ છે.

૧.૪ ટીપીએલ-ડીએ એઆરઆરના ટ્રુ-અપ માટે નીચેના માપદંડ ધ્યાનમાં લીધા છે:

a) વીજળીની ખરીદીના મિશ્રણ, જથ્થા અને કિંમતમાં થતા ફેરફારના કારણે વીજળીની ખરીદ ખર્ચમા થતો બદલાવ.
b) ફીક્સડ ખર્ચો, જેમ કે ઓ એન્ડ એમ ખર્ચ, ઘસારો, વ્યાજ ખર્ચ, ઇક્વિટી પર મળવાપાત્ર વળતર, ઘાલખાધ, આવકવેરો અને નોન-ટેરીફ આવકમાં થતા બદલાવ.
c) નિયંત્રિત અને અનિયંત્રિત પરિબળોને ગણતરીમાં રાખીને ફાયદા /નુકશાનની વહેંચણી.

૧.૫ નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે વીજળીની જરુરીયાત, વાસ્તવિક વેચાણ અને વાસ્તવિક વીજ વિતરણ લોસ પર આધારિત છે. અમદાવાદ પુરવઠા વિસ્તારનુ વેચાણ ૬૯૪૭.૪૨ એમયુ છે. નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે વાસ્તવિક વીજ વિતરણ લોસ ૬.૦૩ ટકા થયેલ છે.

૧.૬ ટ્રુઅ-અપ એઆરઆરની ગણતરી વાસ્તવિક ખર્ચાઓ અને તા.૨૪ એપ્રિલ ૨૦૧૯ ના એમટીઆર ઓર્ડર (કેસ નંબર ૧૭૬૪/૨૦૧૮) મુજબ મંજુર કરેલ ખર્ચાને ધ્યાને લઇ કરવામાં આવી છે. કિંમત, જથ્થા અને મિશ્રણમાં થતા બદલાવને કારણે વીજળીની ખરીદ કિંમતમાં થતો ફેરફાર અનિયંત્રિત છે અને તે મુજબ, તે એઆરઆરમા લેવામાં આવેલ છે. પરંતુ, કાર્યક્ષમતાના માપદંડમાં થતા ફેરફારના કારણે ખર્ચાઓમાં થતો ફેરફાર નિયંત્રિત છે અને તેને લીધે થતા ફાયદાને જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ માં ઉલ્લેખવામાં આવેલ ફાયદા/નુકસાનની વહેંચણી પધ્ધતિના આધારે, એઆરઆરમાં ગણતરીમાં લેવામા આવેલ છે. અમદાવાદના સપ્લાય વિસ્તારનો વીજ વિતરણ લોસ મંજુર થયેલા વિતરણ લોસની સરખામણીમાં ઘટેલ છે. આવા લોસમા થયેલા ઘટાડાને કારણે થયેલ ફાયદાની વહેંચણી જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ અનુસાર કરવામાં આવેલ છે.

૧.૭ અમદાવાદ સપ્લાય વિસ્તારના ફીક્સ્ડ ખર્ચાઓ જેમ કે ઓ એન્ડ એમ ખર્ચ, વ્યાજ ખચ, ઘસારો, ઇક્વિટી પર મળવાપાત્ર વળતર, ઘાલખાધ, આવકવેરો અને નોન ટેરીફ આવકને દરેકનાં નિયંત્રીત/ અનિયંત્રીત પરિબળોના વર્ગીકરણનાં આધારે ટ્રુ-અપ કરવામાં આવેલ છે. એ પ્રમાણે ફાયદા/નુકશાનની વહેંચણી કરી, એઆરઆરનું ટ્રુ-અપ કરવામાં આવેલ છે. આ રીતે ટ્રુઇંગ અપ કરેલ એઆરઆરને નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક ૧: નાંણાકિય વર્ષ ૨૦૨૦-૨૧ માટે અમદાવાદ સપ્લાય વિસ્તારનું ટ્રુ અપ કરેલ એઆરઆર**

| રૂ.કરોડમાં | | |
|---|---|---|
| એમટીઆર ઓર્ડર મુજબ એઆરઆર | (એ) | ૫૪૨૯.૮૯ |
| અનિયંત્રીત પરિબળોને કારણે ફાયદા/(નુકશાન) | (બી) | ૩૫૪.૨૪ |
| નિયંત્રીત પરિબળોને કારણે ફાયદા/(નુકશાન) | (સી) | ૨૬.૮૫ |
| ટેરીફ તરીકે પાસ-થ્રુ | ડી=-(બી+૧/૩ સી) | (૩૬૩.૧૯) |
| ટ્રુ-અપ એઆરઆર | ઇ= એ+ડી | ૫૦૬૬.૭૦ |

૧.૮ ટીપીએલ-ડી જણાવે છે કે માનનીય કમિશનના ૩૧ માર્ચ, ૨૦૨૦ ના ઓર્ડર મુજબ અગાઉના વર્ષોની મંજુર કરેલ ખાધ/(પુરાંત)ની સામે વસૂલાત પેટે રૂ ૫૪૮.૮૦ કરોડની ખાધ ધ્યાને લીધેલ છે.

૧.૯ નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે અમદાવાદ સપ્લાય વિસ્તારની ખાધ/(પુરાંત)ની સંક્ષિપ્તમાં માહિતી નીચે દર્શાવેલ કોષ્ટકમાં આપેલ છે.

## કોષ્ટક ૨: નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે અમદાવાદ સપ્લાય વિસ્તારના આવકની ખાધ/(પુરાંત)

| રૂ.કરોડમાં | વાસ્તવિક |
|---|---|
| ટ્રુ-અપ એઆરઆર | ૫૦૬૬.૭૦ |
| | |
| વિજળીના વેચાણથી થતી આવક | ૫૧૭૭.૮૯ |
| બાદઃ અગાઉના વર્ષોના મંજૂર ખાધ/(પુરાંત)ની વસૂલાત થી થયેલ આવક | ૫૪૮.૮૦ |
| **બાકીની આવક** | **૪૬૨૯.૦૯** |
| | |
| **ખાધ/(પુરાંત)** | **૪૩૭.૬૧** |

૧.૧૦ ટીપીએલે માનનીય કમિશનને ઉપરની ગણતરી મુજબ એઆરઆરની અને આવકની ખાધ/(પુરાંત) મંજુર કરવા માટે અરજ કરેલ છે.

### નાંણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે એઆરઆર

૧.૧૧ માનનીય કમિશને તા.૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૧ ના ઓર્ડર દ્વારા યુટીલીટીને જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ ના સિદ્ધાંતો અને પદ્ધતિના આધારે નાંણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ ના એઆરઆર અને વીજ દર નિર્ધારણ માટેની અરજી કરવા નિર્દેશ કરેલ છે. તે મુજબ ટીપીએલે જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ ની જોગવાઇઓ અનુસાર અમદાવાદ/ગાંધીનગર સપ્લાય વિસ્તાર માટે નાંણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ ના એઆરઆર અને વીજ દર નિર્ધારણ માટેની અરજી દાખલ કરેલ છે.

૧.૧૨ અંદાજીત એઆરઆરના અનુમાનો નીચે મુજબ છેઃ

એ) પાછલા દાયકાની સરખામણીમાં મંદ પડેલા વૃદ્ધિદરને ધ્યાને લઇ વીજ વેચાણ અંદાજવામાં આવેલ છે. ઔદ્યોગિક એકમોનું વ્યવસાયિક એકમમાં રૂપાંતર અને પર્યાવરણના નીયમો તથા તેને સંબંધિત ખર્ચને અનુલક્ષીને વીજ વેચાણ પર અસર થયેલ છે. વધુમાં, રુફટોપ સોલર તેમજ પ્રવર્તમાન કોવીડ-૧૯ની પરીસ્થિતી ની નકારાત્મક અસરને પણ ધ્યાને લીધેલ છે. તે મુજબં, ટીપીએલએ વર્તમાન વૃધ્ધિદર અનુસાર વીજ વેચાણના અંદાજો રજુ કરેલ છે.

બી) મલ્ટીયર ટેરીફ રેગ્યુલેશન્સ માં નિર્ધારિત કરેલ સિધ્ધાંતો તેમજ અગાઉ ના આદેશો ને ધ્યાને લઇ, અમદાવાદ સપ્લાય એરિયા માટે વીજ વિતરણ લોસ અને ઓ એન્ડ એમ ખર્ચ ધ્યાને લીધેલ છે.

સી) વીજ જરુરીઆત ટીપીએલ-જી(એપીપી), સુજેન, ઉનોસુજેન, પુન:પ્રાપ્ય (રીન્યુએબલ) ઉર્જા સ્ત્રોતો, દ્વિપક્ષીય કરાર અને પાવર એક્ષચેન્જ દ્વારા પૂરી કરવા દરખાસ્ત કરેલ છે.

ડી) રીન્યુએબલ પરચેઝ ઓબ્લીગેશન (આરપીઓ) કરાર આધારીત રીન્યુએબલ સ્ત્રોતોમાંથી વીજ ખરીદી કરીને પાર કરવાનું પ્રસ્તાવિત કરેલ છે.

ઈ) અમદાવાદ સપ્લાય એરિયા માટે ઈએચવી યોજનાઓમાં રૂ.૧૦૭૮.૯૧ કરોડ, એચટી નેટવર્ક યોજનાઓમાં રૂ. ૨૨૭.૨૮ કરોડ, એલટી નેટવર્ક યોજનાઓમાં રૂ.૧૭૨.૦૯ કરોડ, મીટરિંગ પેટે રૂ.૧૦૩.૭૫ કરોડ , અને વીજ પુરવઠા કેન્દ્રો, તેમજ ખાસ યોજનાઓ જેમકે એએમઆઇ, આઇટી, અને કોમ્યુનીકેશન, સલામતી, વગેરે પેટે રૂ.૧૨૧.૮૪ કરોડ ના મૂડી ખર્ચ રજુ કરેલ છે.

એફ) ઘસારો , વ્યાજ ખર્ચ, કાર્યકારી મૂડી પરનો વ્યાજ ખર્ચ, ઇક્વિટી પર મળવાપાત્ર વળતર વગેરેની ગણતરી જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ અનુસાર કરવામાં આવી છે.

૧.૧૩ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે અમદાવાદ સપ્લાય એરિયા માટે નિર્ધારિત એઆરઆર નીચેના કોષ્ટકમાં આપેલ છે.

**કોષ્ટક 3: નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે અમદાવાદ સપ્લાય એરિયાના એઆરઆર**

| રૂ.કરોડમાં | નાંણાકિય વર્ષ ૨૦૨૨-૨૩ |
|---|---|
| પાવર પરચેઝ | ૪૬૯૩.૪૯ |
| ઓ એન્ડ એમ ખર્ચ | ૪૦૪.૬૧ |
| ઘસારો | ૩૨૨.૭૬ |
| વ્યાજ ખર્ચ | ૧૬૦.૬૪ |
| કાર્યકારી મૂડી પર વ્યાજ | - |
| સીક્યોરીટી ડીપોસીટ પર વ્યાજ | ૪૦.૮૨ |
| ઘાલખાધ | ૪.૨૪ |
| કન્ટીજન્સી રીઝર્વ | ૦.૬૦ |
| ઇક્વિટી પર મળવાપાત્ર વળતર | ૩૪૨.૫૩ |
| આવક વેરો | ૭૮.૮૯ |
| બાદ: બિન-ટેરિફ આવક | ૫૬.૯૩ |
| એઆરઆર | **૫૯૯૧.૬૫** |

**નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટેની ખાધ /(પુરાંત) નું વિશ્લેષણઃ**

૧.૧૪ વિવિધ કેટેગરી ના ગ્રાહકો માટે વીજ વેચાણથી થતી આવકની ગણતરી, વીજ વેચાણ , હાલનો વિજદર તેમજ એફપીપીપીએ ને ધ્યાનમાં રાખીને, જે તે કેટેગરી માટે નિર્ધારિત કરેલ ફોર્મેટ માં દર્શાવેલ છે.

૧.૧૫ ટીપીએલ વધુમાં જણાવે છે કે માનનીય કમીશને નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટેના ટ્રુ-અપ અને નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે ના ટેરિફ ઓર્ડર માં રૂ ૪.૮૫ પ્રતિ કલોવોટઅવર ના બેઝ વીજ ખરીદ ખર્ચ અને રૂ ૧.૮૨ પ્રતિ કિલોવોટઅવરના બેઝ એફપીપીપીએ મંજુર કરેલ છે. મંજૂર કરેલ એફપીપીપીએ ફોર્મ્યુલા મુજબ ત્રીમાસીક ધોરણે, રૂ ૪.૮૫ પ્રતિ કિલોવોટઅવરના વીજ ખરીદ ખર્ચ ની સરખામણીમાં વર્ષ દરમિયાન વીજ ખરીદી ખર્ચમાં થયેલ કોઇ પણ વધારો , રૂ.૧.૮૨ પ્રતિ કિલોવોટઅવરના બેઝ

એફપીપીપીએ ઉપરાંત ના એફપીપીપીએ દ્વારા વસૂલવા માં આવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટેના અંદાજીત એઆરઆર મુજબ, સરેરાશ વીજ ખરીદી ખર્ચ રૂ. ૫.૬૩ પ્રતિ કિલોવોટઅવર થાય છે. જ્યારે વર્તમાન બેઝ વિજ ખરીદ ખર્ચ રૂ.૪.૮૫ પ્રતિ કિલોવોટઅવર છે. આમ, નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે રૂ. ૦.૮૪ પ્રતિ કિલોવોટઅવર ના ( ટી એન્ડ ડી લોસ ધ્યાને લેતા) વધારાની વીજ ખરીદી ખર્ચ એફપીપીપીએ દ્વારા વસૂલવામાં આવશે. માટે, નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે ની અંદાજીત આવક રૂ ૨.૬૬ પ્રતિ કિલોવોટઅવરના ( ટી એન્ડ ડી લોસ ધ્યાને લેતા) સુધારેલા બેઝ એફપીપીપીએ ને ધ્યાને લઇ ગણવા માં આવેલ છે. તે મુજબ, વિજ વેચાણ ની અંદાજિત આવક નીચે મુજબ છેઃ

**કોષ્ટક ૪: નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માં પાવરના વેચાણમાંથી આવક**

| રૂ.કરોડમાં | |
|---|---|
| અમદાવાદ પુરવઠા વિસ્તાર | ૬૧૮૯.૯૩ |

૧.૧૬ બેઝ એફપીપીપીએ સાથેના વીજવેચાણથી થતી આવક અને ઓપન એક્સેસ ગ્રાહકોથી થતી આવકને ધ્યાને લઇ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ ની ખાધ/(પુરાંત) તારવવામાં આવેલ છે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ ની ખાધ/(પુરાંત)નો સારાંશ નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક ૫: નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે અમદાવાદ પૂરવઠા વિસ્તારના આવકની ખાધ/(પુરાંત)**

| રૂ.કરોડમાં | |
|---|---|
| એઆરઆર | ૫૯૯૧.૬૫ |
| બાદ ઃ | |
| વર્તમાન વીજદર સાથેના રૂ.૨.૬૬ પ્રતિ યુનીટ ના બેઝ એફપીપીપીએ સહીત વીજળીના વેચાણથી થતી આવક | ૬૧૮૯.૯૩ |
| ઓપન એક્સેસ ચાર્જથી થતી આવક | ૨૬.૩૦ |
| | |
| **ખાધ/(પુરાંત)** | **(૨૨૪.૫૯)** |

ટીપીએલે માનનીય કમિશનને ઉપરોક્ત પ્રસ્તાવીત ખાધ/(પુરાંત)ને મંજુર કરવા રજુઆત કરેલ છે.

૧.૧૭ ટીપીએલએ તેના અમદાવાદ/ ગાંધીનગર અને સુરત સપ્લાય વિસ્તાર માટે જીઇઆરસી (ડિમાન્ડ સાઇડ મેનેજમેન્ટ) રેગ્યુલેશન્સ, ૨૦૧૨ અનુસાર ડીએસએમ યોજના બનાવીને માનનીય કમીશન સમક્ષ રજુ કરેલ છે. માનનીય કમીશને અમદાવાદ સપ્લાય વિસ્તાર માટે રૂ.૪.૪૫ કરોડ મંજુર કરેલ છે. આ બાબતે, ટીપીએલ-એ નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન કોઈ ખર્ચ કરેલ નથી. ટીપીએલ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ થી શરૂ થતા સમયગાળા માટેની ડીએસએમ યોજના માટે માનનીય કમિશન સમક્ષ અલગથી રજુઆત

કરશે.

૧.૧૮ ટીપીએલએ માનનીય કમિશનને મંજુર કરેલ/ નિર્દિષ્ટ કરેલ પદ્ધતિ મુજબ કેરીંગ કોષ્ટ ગણેલ છે. તે મુજબ, ટીપીએલ-ડીએ માનનીય કમિશનને નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ ની ખાધ/(પુરાંત) ઉપરાંત માનનીય કમિશનને મંજુર કરેલ/ નિર્દિષ્ટ કરેલ પદ્ધતિ મુજબ કેરીંગ કોષ્ટ સહીત ઉપરોક્ત બાકી રહેતા નાણા ધ્યાને લેવા દરખાસ્ત કરેલ છે.

૧.૧૯ આમ ઉપર મુજબ કુલ ખાધ રૂ.૩૪૯.૧૮ કરોડ થાય છે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટેના દર નિર્ધારણ કરવા આવકનો ખાધ/(પુરાંત)નો સારાંશ નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક ૬: નાંણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ ના દર નિર્ધારણ માટે અમદાવાદ પૂરવઠા વિસ્તારના આવકની સંચિત ખાધ/(પુરાંત)**

| **રૂ. કરોડમાં** | |
|---|---|
| નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે ખાધ/(પુરાંત) | ૪૩૭.૬૧ |
| વ્યાજ ખર્ચ (કેરીંગ કોષ્ટ) | ૧૩૬.૧૬ |
| ડીએસએમ | - |
| | |
| નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ની ખાધ/(પુરાંત) | (૨૨૪.૫૯) |
| | |
| **વીજદર મારફતે વસુલવા યોગ્ય સંચિત ખાધ/(પુરાંત)** | **૩૪૯.૧૮** |

૧.૨૦ ટીપીએલએ રજુ કરેલ છે કે રૂ.૩૪૯.૧૮ કરોડની સંચિત ખાધ મુખ્યત્વે પાછલા વર્ષોની બાકી રહેલ વસૂલાતના કારણે છે. તેથી, ટીપીએલ-ડી આ ખાધની વસૂલાત તા. ૧ એપ્રીલ ૨૦૨૨ થી બે વર્ષના સમયગાળા માટે રૂા. ૦.૨૨ પ્રતિ યુનીટના રેગ્યુલેટરી ચાર્જ દ્વારા વિલંબીત વસૂલાત ના ખર્ચને ધ્યાને લઇ કરવાનો પ્રસ્તાવ કરેલ છે.

૧.૨૧ ટીપીએલ જણાવે છે કે ફુગાવાનું દબાણ હોવા છતાં, ટીપીએલ તેનો ખર્ચ કાર્યક્ષમતા ના સુધારા મારફતે પ્રબંધ કરી રહ્યું છે. નાંણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે ટીપીએલ-ડીએ પાછલા વર્ષોની બાકી રહેલ સંચિત ખાધની વસૂલાત રેગ્યુલેટરી ચાર્જ દ્વારા કરવાનો પ્રસ્તાવ કરે છે. રેગ્યુલેટરી ચાર્જની મંજૂરી પાછલા વર્ષોની બાકી રહેલ વસૂલાતનો બોજો દૂર કરવા અને ટીપીએલને પાવરની ગુણવત્તા, વિશ્ર્વસનીયત્તા અને ગ્રાહક સેવાના ઉચ્ચ સ્તરો જાળવવી રાખવા તેમજ તેમાં વધુ સુધારો કરવા અનિર્વાય છે.

૧.૨૨ વધુમાં, માનનીય કમીશન/ માનનીય ટ્રિબ્યુનલ સમક્ષની બાકી રહેલ કાર્યવાહી સંબંધિત ખાધ/ કેરીંગ કોષ્ટને ટીપીએલએ રેગ્યુલેટરી ચાર્જ દ્વારા વસૂલવા માટે પ્રસ્તાવિત કરેલ છે.

૧.૨૩ ટીપીએલ જણાવે છે કે તેમને તેના લાઇસન્સ વિસ્તારોમાં "ગ્રીન ટેરિફ" પ્રસ્તુત કરવા અંગેની રજૂઆતો પ્રાપ્ત થયેલ છે. પરંતુ માનનીય કમીશન દ્વારા "ગ્રીન ટેરિફ" ગણવા માટેની ચોક્સ પદ્યતી નિર્દિષ્ટ કરેલ નથી. આથી, નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે, ટીપીએલએ દીનદયાળ પોર્ટ ટ્રસ્ટ માટે નક્કી કરાયેલ વર્તમાન "ગ્રીન ટેરિફ" અનુસાર રૂ.૦.૫૦ પ્રતી યુનીટ ના "ગ્રીન ટેરિફ"ની દરખાસ્ત કરેલ છે.

દાદ ઃ

૧.૨૪ ટીપીએલએ હાલની અરજી નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ ના ટ્રુઇંગ-અપ, નાંણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે એઆરઆર નિર્ધારણ અને નાંણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે અમદાવાદ/ગાંધીનગર સપ્લાય વિસ્તાર માટેના વીજ દર નિર્ધારણ માટે દાખલ કરેલ છે.

૧.૨૫ હકીકતો અને સંજોગોના આધારે, ટીપીએલએ માનનીય કમિશનને નીચે મુજબ અરજી કરેલ છે:

એ) નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ ના ટ્રુઇંગ અપ, નાંણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે એઆરઆર અને નાંણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ ના વીજ દર નક્કી કરવા માટેની પીટીશનની સ્વીકૃતી.

બી) નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ ના ટ્રુડ-અપ ખાધ/(પુરાંત) ની કાયદાકીય નિયમના ફેરફારના લીધે થયેલા અસર સાથેની મંજુરી.

સી) નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ ના ટીપીએલ-ડી(એ) દ્વારા પ્રસ્તાવિત ફાયદા/નુકશાનની વહેંચણીની મંજુરી.

ડી) નાંણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટેના એઆરઆરની મંજુરી.

ઇ) સંચિત ખાધ/(પુરાંત)ની મંજુરી.

એફ) વ્હીલીંગ એઆરઆર અને એને અનુરૂપ વીજ વહન માટેના દરની તા. ૧ લી એપ્રિલ, ૨૦૨૨ થી અમલીકરણ મંજુરી.

જી) નાંણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે રેગ્યુલેટરી ચાર્જની વસૂલાત કરેલ દરખાસ્ત મુજબ અને / અથવા રીટેલ ટેરીફ દ્વારા કરવાની મંજુરી.

એચ) ટીપીએલડી દ્વારા માનનીય ટ્રીબ્યુનલ/માનનીય કમિશનમાં કરેલી સુધારા અરજી/સમીક્ષાઓના નિર્ણયો અનુસાર ખર્ચા ઓની વસૂલાત માટેની મંજુરી.

આઇ) ભવિષ્યમાં અરજીમાં ઉમેરો/સુધારા/ફેરફાર/બદલાવો માટેની પરવાનગી.

જે) ટીપીએલડી કાર્યવાહી દરમ્યાન અસરકારક પ્રસ્તુતી માટે સમયાનુસાર જરૂરી દલીલો અને દસ્તાવેજો ફાઇલ કરવા માટેની પરવાનગી.

કે) માનનીય કમીશનને યોગ્ય લાગતી અન્ય રાહત, આદેશ અથવા નિર્દેશોની વિનંતિ

એલ) કોઇપણ અજાણતા થયેલી ગફલત/ભૂલ/તફાવત/ખામીઓ ની માફી